# છત્રાલ જીઆઈડીસીમાં પુંઠા બનાવતી ફેક્ટરીમાં ભીષણ આગ





## અમદાવાદ, કડી, કલોલ, ઈફકો અને ગાંધીનગર ફાયરબ્રિગેડના ૧૫ થી વધુ ફાયર ફાયટરે આખો દિવસ સતત પાણીનો મારો ચલાવ્યો છતાં મોડી સાંજ સુધી આગ કાબુમાં ન આવી

કલોલ, તા. ૩૦

કલોલ તાલુકાની છત્રાલ જીઆઈડીસીમાં આવેલી પુંઠા બનાવતી ફેક્ટરીમાં એકાએક બોઈલર ફાટતા આગ ભભુકી ઉઠી હતી. વિકરાળ સ્વરૂપ લીધેલી આગને કાબુમાં લેવા તાત્કાલિક ગાંધીનગર, અમદાવાદ, કલોલ, કડી અને ઈફકોના મળીને ૧૫ થી વધુ ફાયર ફાયટર ખડકી દેવાયા હતા અને સતત પાણીનો મારો ચલાવવા છતાં આગને મોડી સાંજ સુધી કાબુમાં લઈ શકાઈ ન હતી. પુંઠાની ફેક્ટરીમાં લાગેલી આગે પ્રસરીને બાજુની ફેક્ટરીને પણ ઝપટમાં લઈ લીધી હતી. સદ્‌ભાગ્યે આ બનાવમાં કોઈ જાનહાની થવા પામી ન હતી પરંતુ કરોડોની કિંમતનું નુકશાન થયું હોવાનું અનુમાન છે.

કલોલની છત્રાલ જીઆઈડીસી ફેઝ-૧માં વિશાલ કન્ટેનર લીમીટેડ નામની પુંઠા બનાવવાની ફેક્ટરી આવેલી છે. આ ફેક્ટરીમાં આજે સવારે ૧૧ વાગ્યાના અરસામાં અચાનક બોઈલર ફાટતા ભીષણ આગ ભભુકી ઉઠી હતી. તાત્કાલીક ફેક્ટરીના કામદારોને બહાર નિકાળી દેવાતા તમામ કામદારોનો આબાદ બચાવ થવા પામ્યો છે. આગ ભીષણ હોવાથી તાત્કાલીક ફાયરબ્રિગેડને જાણ કરી બોલાવી લેવાઈ હતી. એકલ-દોકલ ફાયર ફાયટરથી કામ ચાલે તેમ ન હોવાથી કડી, કલોલ, અમદાવાદ, ઈફકો અને ગાંધીનગર ફાયરબ્રિગેડના મળીને ૧૫ થી વધુ ફાયર ફાયટર બનાવ સ્થળે પહોંચી ગયા હતા. સવારથી જ સતત પાણીનો મારો ચલાવવા છતાં મોડી સાંજ સુધી આગ શાંત પડી ન હતી. ધીમે ધીમે વિશાલ કન્ટેનર લીમીટેડમાં લાગેલી આગ પ્રસરીને બાજુની ફેક્ટરી રવિસ પીન્ટ પેક લીમીટેડ સુધી પહોંચી ગઈ હતી. ખુબ જ મોટા આ પ્લાન્ટમાં બોઈલર ફાટવાથી લાગેલી ભીષણ આગમાં કરોડોનું નુકશાન થયાનો અંદાજ છે. સદભાગ્યે કોઈ જાનહાની થવા પામી નથી.

# ડેન્ગ્યુથી કલોલના યુવાનનું મૃત્યુ તથા તંત્રમાં હડકંપ

## દોઢસોથી વધુ ઘરોમાં ફોગીંગ તથા એન્ટી લારવા કામગીરી આરંભાઈ


કલોલ, તા.૩૦

કલોલની ખાનગી હોસ્પિટલમાં બે દિવસથી ડેન્ગ્યુની સારવાર લઈ રહેલા કલોલ શહેરના પંચવટી વિસ્તારના ૩૪ વર્ષીય યુવાનની તબિયત વધુ લથડતા તાત્કાલિક અમદાવાદ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જયાં આજે તેનું સારવાર દરમિયાન ડેન્ગ્યુથી મૃત્યુ થતાં ચકચાર મચી જવા પામી છે. આરોગ્ય તંત્રએ દોઢસો જેટલા આ વિસ્તારના ઘરોમાં ફોગીંગ કરીને એન્ટી લારવા કામગીરી કરી છે. જો કે ડેન્ગ્યુથી યુવકના મૃત્યુ બદલ તંત્ર સ્પષ્ટપણે સ્વિકારતું નથી.

કલોલ શહેરના પંચવટી વિસ્તારમાં આવેલી રામકૃષ્ણ સોસાયટીમાં રહેતા ૩૪ વર્ષીય યોગેશભાઈ રમણલાલ પટેલને ઝીણો તાવ સહિતની તકલીફો થતા કલોલની જ એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ડેન્ગ્યુના લક્ષણોને પગલે હોસ્પિટલના તબીબે એન.એસ.૧ નો ટેસ્ટ કરાવ્યો હતો. આ ટેસ્ટનો રીપોર્ટ પોઝીટીવ આવતા ડેન્ગ્યુની સારવાર શરુ કરવામાં આવી હતી. યુવાનની તબિયત વધુ લથડતા તેને અમદાવાદની હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયો હતો. જયાં તેનું સારવાર દરમિયાન મૃત્યુ થતા તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લામાં ડેન્ગ્યુથી મૃત્યુનો આ પ્રથમ કિસ્સો છે. આરોગ્યતંત્ર દ્વારા આ વિસ્તારના આસપાસના દોઢસોથી વધુ ઘરોમાં ફોગીંગ અને એન્ટી લારવા કામગીરી આરંભી દીધી છે. જો કે તંત્ર ડેન્ગ્યુથી યુવાનના મૃત્યુની ઘટનાને સ્પષ્ટપણે સ્વિકારવા તૈયાર નથી.

## વડીલોને વંદન
## અભિનંદન

આજે જન્મદિવસ



અમરીશ ગીરધરલાલ પરમાર
(૧૯૫૩) ફોન: ૨૩૨૩૦૯૨૬



જયંતિલાલ દલસુખભાઈ સોની
(૧૯૩૮) મો.૯૬૨૪૦૨૦૨૬૭



જશોદાબેન જયંતિલાલ સોની
(૧૯૪૧) મો.૯૬૨૪૦૨૦૨૬૭

## સરદાર પટેલ જન્મ જયંતિએ ગાંધીનગરમાં સરદાર સાહેબની પ્રતિમાને મુખ્યમંત્રી પૂષ્પાંજલિ અર્પણ કરશે

ગાંધીનગર, તા. ૩૦

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૮મી જન્મ જયંતિ, બુધવાર તા. ૩૧ ઓકટોબરે, સવારે ગુજરાત વિધાનસભા પરિસરમાં સરદાર સાહેબની પ્રતિમાને પૂષ્પાંજલિ અર્પણ કરશે.

## સરદાર પટેલની જન્મ જયંતિએ ભાજપા યુવા મોરચાના ૨૦૦૦ વિસ્તારકો ગામે ગામ પ્રયાણ કરશે

### ગાંધીનગર ટાઉનહોલ ખાતે નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં વિદાય અપાશે

ગાંધીનગર, તા. ૩૦

ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી પ્રદિપસિંહ વાઘેલા અને મહામંત્રી શ્રી હિતેશ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે દેશની એકતા અને અખંડીતતાના શિલ્પી ગુજરાતના સપુત સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિએ યુવા મોરચાના ૨૦૦૦ વિસ્તારકો ૩૧ ઓક્ટોબરથી ૪ નવેમ્બર સતત ૫ દિવસ ગુજરાતના ગામે ગામને ખુંદી વળશે અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત સરકારની યુવા વિકાસલક્ષી નીતિ જનજનમાં અને યુવાઓમાં પ્રસારિત કરશે.

તેઓએ જણાવ્યું છે કે યુવા ભાજપના ગુજરાતના ગામે ગામ જનાર યુવા વિસ્તારકોને વિદાય આપવા માટેનો કાર્યક્રમ ગાંધીનગર ટાઉનહોલ ખાતે ૩૧ ઓક્ટોબરના રોજ સવારે ૧૧.૦૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પુરષોત્તમભાઈ રૂપાલ, રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રી શ્રી વી. સતીષ જી. ઉપસ્થિત રહી યુવાનોને પ્રેરક ઉદ્‌બોધન કરશે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે ભાજપાના યુવા વિસ્તારકો મોંઘવારી અને ભ્રષ્ટાચારનો પર્યાયી બનેલી કોંગ્રેસને ગામે ગામથી ઉખાડી ફેંકવા જિલ્લા પંચાતની ૯૦૦ સીટો પર ૪ નવેમ્બરના રોજ યુવા સંમેલન કરી યુવાનોને આહવાન કરશે.

તેઓએ અંતમાં જણાવ્યું છે કે યુવા મોરચાના ૨૦૦૦ વિસ્તારકોની સાથે સ્થાનીક અન્ય ૨૦૦૦ યુવા વિસ્તારકો જોડાશે અને વિધાનસભાની આવી રહેલી ચૂંટણીમાં ભાજપાના જવલંત વિજય માટેના મહત્વના અભિયાનને હાથ ધરી ભવ્ય અને દિવ્ય ગુજરાત નિર્માણ માટેનો પાયો નાંખશે.

# લોકોના વિરોધથી રામદેવને મંચ ઉપરથી ઉતરી જવું પડ્યું

## ૧૦૮ કુંડી મહાયજ્ઞ ધાર્મિક મંચ પરથી રાજકીય ભાષણો કરવા સામે લોકોનો વિરોધ : રામદેવ મુશ્કેલીમાં મુકાયા

અમદાવાદ, તા. ૩૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને કોંગ્રેસ વિરોધમાં પ્રચાર કરવા માટે બાબા રામદેવે ગુજરાતમાં ઘૂમી રહ્યા છે. ભારત સ્વાભિમાન યાત્રા સાથે આજે ભાવનગર જિલ્લાના બોટાદ ખાતે પહોંચ્યા બાદ ત્યાં યોજાયેલા ૧૦૮ કુંડી મહાયજ્ઞના સ્થળે પહોંચીને મંચ પર જઈને પ્રવચન કરે તે પહેલા જ લોકોએ ધાર્મિક મંચ પર રાજકીય પ્રવચન ન કરી શકે એવું કહીને વિરોધ કરતા બાબા રામદેવને મંચ પરથી ઉતરી જવાની ફરજ પડી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ યોગગુરુ બાબા રામદેવ વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને કોંગ્રેસની વિરોધમાં પ્રચાર કરવા માટે ગુજરાતની મુલાકાતે આવ્યા છે અને તેમના ૧૩ દિવસના રોકાણ દરમિયાન આજે બોટાદમાં પાળિયાદ રોડ પર ચાલતી ભાગવત સપ્તાહ અને ૧૦૮ કુંડી મહાયજ્ઞના કાર્યક્રમમાં પહોંચ્યા બાદ મંચ પર સ્થાન લઈને પ્રવચનની ઈચ્છા વ્યક્ત કરી હતી. પરંતુ ઉપસ્થિત જનમેદનીએ આ ધાર્મિક મંચ છે એમાં રાજકીય પ્રવચન કરી શકાય નહીં તેમ કહીને વિરોધ કરતાં બાબા રામદેવને મંચ પરથી ઉતરી જવાની ફરજ પડી હતી. આ સંદર્ભે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ પૂછતા તેમણે જણાવ્યું હતું કે, ગમે તેને ભગવા કપડાં પહેરાવીને રાજકીય ભાષણ કરાવવાનું ભાજપ દ્વારા વર્ષોથી ચાલી રહ્યું છે. ગુજરાતની જનતા રામદેવને સારી રીતે ઓળખે છે.

## શબ્દાવલી - ૪૮૮૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | | | |
| ૯ | | ■ | ૧૦ | ■ | ■ | ૧૧ | |
| ■ | ■ | ૧૨ | | | ૧૩ | ■ | |
| ૧૪ | ૧૫ | | | ■ | ૧૬ | ૧૭ | ■ |
| ૧૮ | | | ■ | ૧૯ | | | |
| ૨૦ | | ■ | ૨૧ | | | ■ | ■ |
| | ■ | ૨૨ | | ■ | ૨૩ | | |

**આડી ચાવી**

૧. રીતસર, વિધિ મુજબ (૪)
૪. નાનું પડીકું (૩)
૭. ગયુ નહિને એનું આગલું વરસ (૩)
૮. ગમે તેટલું કહેવા છતાં કોઈ અસર જ ના થાય તેવું (૪)
૯. લાગો કે કર (૨)
૧૧. એક પ્રકારનું અનાજ (૨)
૧૨. તૃપ્ત થયાનો ડકાર (૪)
૧૪. એક પ્રકારનું વાસણ (૪)
૧૬. વિચાર, વૉટ (૨)
૧૮. ઊંચાણ (૩)
૧૯. બારીને... પણ કહેવાય (૪)
૨૦. દાણો, પરમાણું (૨)
૨૧. છોતરા, છીલકા (૩)
૨૨. કાંટા તારની આડશ (૨)
૨૩. વળાંક (૩)

**ઊભી ચાવી**

૧. પીડા, દુઃખ (૩)
૨. ધીરવું તે કે તેમાં રોકાયેલ નાણું (૩)
૩. બાણ, તીર (૨)
૪. પાઘડી, ફેંટો (૨)
૫. થાન, છાતી (૩)
૬. ચટપટી, અજંપો (૪)
૧૦. પોપચા, ઢાંકણ (૩)
૧૨. ઓડ જાતિની સ્ત્રી (૩)
૧૩. ફરતા રામ જેવો પ્રચલિત શબ્દ (૫)
૧૪. બકબક, કંકાશ (૪)
૧૫. શરૂઆત (૩)
૧૭. નક્કી, ચોક્કસ કરવું (૨)
૧૯. બાબત, વાર્તા, કથા (૨)
૨૧. ચોખવટ, વિગત (૨)

### શબ્દાવલી ૪૮૮૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) અગ્રીમ (૫) ઉન (૭) ગવાહી (૮) દિપોત્સવી (૧૧) લાવ (૧૨) ચેતવણી (૧૫) તીર (૧૬) દાપુ (૧૮) ભાત (૧૯) વૈતરણી (૨૧) પ્રયોગ (૨૨) ગગન (૨૩) રસકા બોળ

**ઊભી ચાવી :-** (૧) અગમચેતી (૨) ગ્રીવા (૩) મહી (૪) વાદિ (૫) ઉત્સવ (૬) નવી (૯) પોલાણ (૧૦) અણીદાર (૧૩) તરવૈયો (૧૪) મીત (૧૭) પુણી (૧૮) ભાતીગળ (૨૦) તગર (૨૧) પ્રણ (૨૨) ગબો

## ભાજપ મહિલા મોરચાના ૭૪૦ મહિલા વિસ્તારકો નગર મહાનગરમાં ૩ દિવસ ઘર-ઘર ચલો સંપર્ક અભિયાન કરશે

અમદાવાદ, તા.૩૦

ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષ અને મહેસાણાના સાંસદ શ્રી જયશ્રીબેન પટેલ તેમજ મહામંત્રીશ્રી કૌશલ્યા કુંવરબા પરમારે એક અખબારી યાદીમાં ૩૧ ઓકટોબર સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિથી પ્રારંભ થનાર ઘર ઘર ચલો સંપર્ક અભિયાન રાજયની ૧૫૯ નગરપાલિકા અને ૮ મહાનગરપાલિકામાં હાથ ધરવાની જાહેરાત કરી છે.

તેઓએ ઘર ઘર ચલો સંપર્ક અભિયાન કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું છે કે મહિલા મોરચાની ૭૪૦ મહિલા વિસ્તારક બહેનો ૩૧ ઓકટોબર અને ૧-૨ નવેમ્બર ૩ દિવસ માટે રાજયની ૧૫૯ નગરપાલિકા અને ૮ મહાનગરપાલિકામાં જશે અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારે ૧૧ વર્ષમાં રાજયની નારી શકિતના કલ્યાણ માટે, સન્માન માટે અમલી બનાવેલી વિવિધ યોજનાઓથી મહિલાઓને માહિતગાર કરશે.

તેઓએ જણાવ્યું છે કે કેન્દ્રની કોંગ્રેસ સરકાર દ્વારા વધારવામાં આવેલી મોંઘવારી, ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓની પત્રિકાઓનું ઘરે ઘરે વિતરણ કરાશે અને રાત્રી ગ્રુપમિટિંગો પણ યોજવામાં આવશે. વિસ્તારક તરીકે જુનાગઢ મહાનગરની બહેનો જામનગર જશે. જામનગરની બહેનો જુનાગઢ, અમદાવાદની બહેનો વડોદરા, વડોદરાની બહેનો સુરત એ રીતે કુલ ૧૬૭ સ્થાનો પર ૭૪૦ મહિલા વિસ્તારકો ઉપરાંત સ્થાનિક મહિલા કાર્યકર્તાઓ આ અભિયાનમાં જોડાશે અને કેન્દ્રની વચનદ્રોહી અને ગુજરાતની જુઠ્ઠી કોંગ્રેસને પાયામાંથી ઉખેડી ફેંકવાનું જનજાગરણ કરશે.



ભાજપની પાર્લામેન્ટરી મિટિંગ અડાલજમાં મળી હતી. જેમાં વિવિધ પાસા પર ચર્ચા કરવામાં આવી હતી.

## ગુજરાત પરિવર્તન પાર્ટીએ યુવા મોરચાના હોદ્દેદારોની નિમણુંક કરી

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા આજે પ્રદેશ યુવા મોરચાની રચના કરીને હોદ્દેદારોની નિમણુંકો જાહેર કરવામાં આવી છે.

યુવા મોરચો

નામ .......................... હોદ્દો
રૂદ્રદત્તસિંહ ઝાલા .............. અધ્યક્ષ
જીમ્મીભાઈ ભટ્ટ .............. મહામંત્રી
રતીભાઈ ગોદાણી .............. મહામંત્રી
ભરતભાઈ વેકરીયા ............ ઉપાધ્યક્ષ
વિજયભાઈ દેસાઈ ............ ઉપાધ્યક્ષ
અનીલભાઈ પટોળીયા ......... ઉપાધ્યક્ષ
રમેશભાઈ ત્રાડા ................ ઉપાધ્યક્ષ
વંદનાબેન શ્રીમાળી ............ ઉપાધ્યક્ષ
રાજુભાઈ પટીયાર ............ મંત્રી
ધર્મેન્દ્રભાઈ પોશીયા ............ મંત્રી
તેજશભાઈ પટેલ .............. મંત્રી
બી.એસ. રાવ .................. મંત્રી
આશીષભાઈ સોજીત્રા ......... મંત્રી
મહોબતસિંહ ત્રાડા ............. મંત્રી
વિજયભાઈ દેસાઈ ............ મંત્રી

આ ઉપરાંત બક્ષીપંચ મોરચાના પ્રદેશ પ્રમુખ તરીકે મુન્નાભાઈ બાવળીયા અને પ્રદેશ મહામંત્રી તરીકે રાજેશભાઈ ગઢવીની નિમણુંક કરવામાં આવી છે.

## જાલી નોટ : એસઓજીને તપાસ સોંપાય તેવી વકી

અમદાવાદ,તા.૩૦

આવા ગંભીર ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચના એસઓજી ગ્રૃપને સોંપવામાં આવે છે પહેલાં પણ આ પ્રકારના ગુનાની તપાસ એસઓજી દ્વારા કરવામાં આવી હતી. જેથી આ ગુનાની તપાસ પણ એસઓજીને સોંપાય તેવી શક્યતા છે. દરમિયાન ડ્રેસ મટીરીયલનો ધંધો કરતો ગીરીશ અવાર નવાર લાખો રૂપિયા બેંકમાં ભરે છે થોડા સમય પહેલા તે બેંકમાં પૈસા ભરવા આવ્યો હતો ત્યારે તેણે ભરેલી રકમમાંથી અગાઉ પણ જાલી નોટો નિકળી હતી પરંતુ તે વખતે બેંક કમર્ચારીએ તેને વોર્નિંગ આપી જવા દિધો હતો.

### સેટેલાઈટમાંથી ઝડપાયેલા વેપારીની તપાસ શરૂ

# ગુજરાતમાં કરોડોની જાલી નોટ ફરતી હોવાના એંધાણ

## જાલી નોટ મામલામાં ઘણી બાબત હજુ જાણી શકાઈ નથી

અમદાવાદ,તા.૩૦

સેટેલાઈટ વિસ્તારમાં આવેલી આઈસીઆઈ બેંકમાં ૨૦ હજારની જાલી નોટો ભરવા જતા એક વેપારી ઝડપાયો છે. બેંક ફરીયાદના આધારે પોલીસે આરોપીને ઝડપી લઈ તેની તપાસ હાથ ધરી છે. બીજી તરફ ગુજરાતમાં કરોડો રૂપિયાની જાલી નોટો ફરતી કરી હોવાના એધાણ વર્તાઈ રહ્યા છે.

થોડા સમય પહેલા હિંમતનગરના એક વેપારીને ઝડપી લઈ એસઓજીએ જાલી નોટોનું આખુંય રેકેટ ઝડપી પાડ્યુ હતુ અને નોટો બાંગ્લાદેશથી ભારત આવતી હોવાનો પર્દાફાશ થયો હતો. ત્યારે ગઈ કાલે જ ૪૦ હજારની નકલી નોટો સાથે ડ્રેસ મટીરીયલના વેપારી ગીરીશ લુધાણીને પોલીસે ઝડપી લીધો છે. પોલીસે આરોપી પાસેથી ૫૦૦ના દરની ૪૦ નકલી નોટો મળી આવી છે. આ નોટો વેપારીને ડ્રેસ મટીરીયલના ધંધામાં જ મળી આવી હોવાની કેફીયત તે કહી રહ્યો છે. પરંતુ આ મામલે પોલીસે સઘન તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રોના જણાવ્યાનુસાર, આરોપી પાસેથી જે જાલી નોટો મળી છે તે દેશી બનાવટની છે જેના કારણે ગુજરાતમાં જ નોટો બનાવવાનું શરૂ કરવામાં આવ્યાની આશંકા છે તેથી તે દિશામાં પણ પોલીસે તપાસ હાથ ધરી છે.